No Pages to Display

શારદામંદિર - બાલમંદિર.
૮-૨-૧૩.

ઘરશાળા બાલપુસ્તકમાળા : : મણકો પહેલો

૨૭૧

# વસન્તભાઈની વાતો

: પહેલો ભાગ :

[ શ્રી હરભાઈના આવકાર સાથે ]

: લખનાર :
વસન્ત નાયક

○ છ આના ○

: પ્રકાશક :
ઘરશાળા પ્રકાશનમંદિર
ભાવનગર

વસન્ત નાયક
૮ આનન્દનગર
અમદાવાદ ૭

# રેંટિયાબારસ

પ્રથમ આવૃત્તિ : ૩૦-૯-'૪૮ : પ્રત ૧૬૦૦

[ સર્વ હક્ક લેખકને સ્વાધીન ]

: મુદ્રક :
હરભાઈ ત્રિવેદી
ઘરશાળા મુદ્રણાલય
ભાવનગર

નામ: ____________________

ગામ: ____________________




કોઈને વહાલી પીપુડી
કોઈને વહાલું વાજું
મુજને વહાલી ચોપડી
હોંસે હોંસે વાંચું

# : વાતો :


| | | |
|---|---|---|
| ૧ | પૂનમની રાતે . . | ૫ |
| ૨ | કોનો વારો પહેલો ? | ૮ |
| ૩ | શાબાશ, મગન . | ૧૧ |
| ૪ | બાબુની ચાબુક . | ૧૪ |
| ૫ | કાલે કરીશ . . | ૧૭ |
| ૬ | અક્કલનો આંબો . | ૨૦ |
| ૭ | સુધાની ઉજાણી . | ૨૩ |
| ૮ | શીકે રોટલા . | ૨૬ |


## : મોટેરાંને :


| | | | |
|---|---|---|---|
| ૧ | આવકાર | શ્રી હરભાઈ ત્રિવેદી | ૩૦ |
| ૨ | બે બોલ | લેખક | ૩૧ |

# પૂનમની રાત

પૂનમની રાત હતી.

ફળિયામાં છોકરાં રમતાં હતાં.

એવામાં આકાશમાં વાદળાં આવ્યાં.

વાદળાં ધોળાં ને આછાં હતાં.

એમાંથી ચાંદો દેખાતો હતો.

બધાં છોકરાં કહેવા લાગ્યાં:

ચાંદો દોડે છે.
ચાંદો દોડે છે.

પણ એક છોકરાએ ના પાડી.
એ કહે, ચાંદો નથી દોડતો.
આ તો વાદળાં દોડે છે.

પણ એનું કોઈએ માન્યું નહિ.
બધાં ફરીથી કહેવા લાગ્યાં:
ચાંદો દોડે છે.
ચાંદો દોડે છે.

પેલાએ સમજ પાડી.
પવનથી વાદળાં દોડે છે.
વાદળાંની પેલી બાજુ ચાંદો છે.
તેથી ચાંદો દોડતો દેખાય છે.

પણ કોઈએ માન્યું નહિ.

બધાં જોરથી બોલવા લાગ્યાં:
ચાંદો દોડે છે.
ચાંદો દોડે છે.

પેલો છોકરો વિચારમાં પડયો.
આ શી રીતે સમજાવવું ?

એવામાં એને એક યુક્તિ જડી.
બધાંને ઝાડ નીચે લઈ ગયો.
ને ડાળીમાંથી ચાંદો દેખાડયો.

જોઈને બધાં નવાઈ પામ્યાં.
ચાંદો ત્યાંનો ત્યાં જ હતો.
વાદળાં બધાં દોડતાં હતાં.

પૂનમની રાત હતી.
ફળિયામાં છોકરાં રમતાં હતાં.

# કોનો વારો પહેલો ?

બે ભાઈબેન હતાં.

બન્નેને સાઈકલ શીખવી હતી.

ભાઈ કહે, પહેલો વારો મારો.

બેન કહે, પહેલો વારો મારો.

બાપુજીએ કહ્યું, પણ હજી વાર છે.

મારે થોડું કામ છે.

ત્યાંસુધીમાં સાઈકલ સાફ કરો.

બાપુજી બહાર કામે ગયા.

બેન સાઈકલ લૂછવા બેઠી.

ભાઈ પાસે ઊભો રહ્યો.

એવામાં એક પતંગિયું આવ્યું.

ભાઈ કહે, બેન, જો પતંગિયું.

ચાલ એને પકડીએ.

બેન કહે, ના ભાઈ.
હું સાઈકલ સાફ કરું છું.

ભાઈ ગયો પતંગિયા પાસે.
પણ પતંગિયું ઊડીને આઘે બેઠું.
ભાઈ ત્યાં ઊપડયો.
પતંગિયું ત્યાંથી ઊડી બીજે બેઠું.
ભાઈ વળી ત્યાં ઊપડયો.
આમ કયાંય સુધી ચાલ્યું.

એવામાં બાપુજી આવ્યા.
બાપુજીએ પૂછયું, શું ચાલે છે?
ભાઈ આવ્યો ને કહેવા લાગ્યો:
કેવું સરસ પતંગિયું હતું.
ખૂબ મથ્યો પણ નહિ પકડાયું.

એને કહ્યું, મેં સાઈકલ લૂછી નાખી.
બાપુજીએ કહ્યું, તો તારો વારો પહેલો.
ચાલ તું સાઈકલ શીખવા.

ભાઈ તરત બોલ્યો: હું મોટો છું.
પહેલાં મને સાઈકલ શીખવાડો.
બાપુજીએ કહ્યું, ના એમ નહિ.
જે સાઈકલ સાફ રાખી જાણે,
તેણે જ સાઈકલ શીખવી જોઈએ.



# શાબાશ મગન

મગન બળદને પાણી પાવા લઈ ગયો.

તાપ ખૂબ પડતો હતો.

મગનને થયું એને નવડાવું.

એણે બળદને નવડાવ્યો.

બળદ નદીની બહાર નીકળ્યો.


પાછળ મગન નીકળતો હતો.

એવામાં મગરે એનો પગ પકડયો.

મગન ખૂબ ગભરાઈ ગયો.

પણ તરત એ ચેતી ગયો.

એણે બળદનું પૂછડું પકડી લીધું.



પછી બળદ ખેંચે ગામ તરફ,
ને મગર ખેંચે નદી તરફ.

મગરનું જોર પાણીમાં બહુ.
પણ એ અડધી બહાર આવી ગઈ હતી.
ને બળદ બહુ કદ્દાવર હતો.
બળદે મગરને બહાર ખેંચી કાઢી.

પછી તો આગળ ચાલે બળદ,
વચ્ચે લટકે મગન,

ને પાછળ ઘસડાયં મગર.
પણ મગન પૂછડું મૂકે નહિ.
ને મગર પગ મૂકે નહિ.

તરત ગામમાં વાત ગઈ.
ગામલોકો દોડી આવ્યા.
મગરના રામ રમાડી દીધા.
મગન મરતો મરતો બચ્યો.

હજી મગન જીવે છે.
એનો એક પગ લંગડો છે.

પણ બધા એના વખાણ કરે છે.
કહે છે, શાબાશ મગન શાબાશ.

---

# બાબુની ચાબુક

એક હતો બાબુ.

એને એક સોટી જડી.

એની એણે ચાબુક બનાવી.

ચાબુક લઈને એ રમવા મંડયો.

જ્યાં ને ત્યાં ચાબુક લગાવે.

બારણાને લગાવે.

બારીને લગાવે.

બિલાડીને લગાવે.

કૂતરાને લગાવે.

રમતો રમતો વાડામાં ગયો.
વાડામાં એક ઝાડ હતું.
ઝાડની ડાળે મધપૂડો હતો.
બાબુએ એમાં ચાબુક લગાવી.

મધપૂડામાં હજારો મધમાખી.
એ તો બધી ઊડી.
દોડી બાબુની તરફ.

બાબુ જીવ લઈને નાઠો.
પણ મધમાખી પાછળ પડી.

બાબુ ચીસેચીસ પાડે.
ને દોડાય તેટલું દોડે.
પણ મધમાખી એને મૂકે નહિ.
ને મરાય તેટલા ડંખ મારે.

છેવટે બાબુ ઘરમાં ભરાઈ ગયો.

મધમાખીના ડંખ બહુ ભારે.

બાબુનું મોં સૂઝી ગયું.

આંખો સાવ ઝીણી થઈ ગઈ.

માથામાં ઢીમાં ઊઠી આવ્યાં.

અને ખૂબ બળતરા થવા માંડી.

આખા શરીરે જાણે દેવતા મૂકયા.

પછી તો એને તાવ પણ આવ્યો.

બાએ એની ખૂબ દવા કરી.

ત્યારે બાબુ માંડ સારો થયો.

---

# કાલે કરીશ

એક હતો વિનુ.
એક હતો ચિનુ.
બન્ને બીજી ચોપડી ભણે.
શાળામાં દસ દિવસની રજા હતી.
ચિનુ વિનુને ત્યાં રમવા ગયો.
પણ વિનુ લેશન કરતો હતો.
ચિનુ કહે, લેશન કાલે થશે.
ચાલ આજે રમીએ.
પણ વિનુએ ના પાડી.
ચિનુ બીજે રમવા ઊપડી ગયો.

ત્રીજે દિવસે વિનુએ પૂછ્યું:

ચિનુ, લેશન કર્યું?

ચિનુ કહે, ના, નથી કર્યું.

કાલે કરીશ.

રજા તો હજી ઘણી છે.

શી ઉતાવળ છે?

એમ કરતાં નવ દિવસ ગયા.

વિનુએ કહ્યું આજે લેશન કરી નાખ.

પણ ચિનુ કહે, કાલે હજી રજા છે.

કાલે કરીશ.

ચાલ, આજે રમી લઈએ.

બીજે દિવસે ઉજાણી હતી.

ચિનુ ઊપડયો ઉજાણીમાં.

ઉજાણીમાંથી છેક રાતે આવ્યો.

થાકેલો હતો એટલે સૂઈ ગયો.

પછી બીજે દિવસે શાળા ખુલી.

બધાં છોકરાં લેશન કરી ગયાં હતાં.

ચિનુ એકલો જ નહોતો કરી ગયો.

શિક્ષકે એને કારણ પૂછ્યું.

પણ એ શું બોલે ?

એને મનમાં ઘણું ખરાબ લાગ્યું.

ત્યારથી ચિનુએ નક્કી કર્યું:

આજનું કામ આજે જ કરવું.

કાલ ઉપર કદી રાખવું જ નહિ.

# અક્કલનો આખો

એક ડુંગર હતો.

એની તળેટીમાં એક ગામ હતું.

એમાં એક બોઘડ રહેતો હતો.

એક દિવસ એ ખેતર ગયો.

બાપા કહે, આ તડબૂચ લેતો જા.

બાપાએ ટોપલો માથે ચડાવ્યો.

પણ એને ટોપલો ભારે લાગ્યો.

એણે તરબૂચ ઓછાં કરવા કહ્યું.

બાપા કહે, આટલામાં શું ?

આ કાંઈ ભારે ન કહેવાય.

આખરે ટોપલો લઈ એ ચાલ્યો.

ધીમે ધીમે ડુંગર ઊતરવા લાગ્યો.

પણ માથે ભાર વધારે હતો.

થોડી વારમાં એ થાકી ગયો.

એવામાં એક તડબૂચ પડી ગયું.

તડબૂચ તો જાય ગબડતું નીચે.

આ જોઈને એની આંખ ચમકી.

એને એક ઉપાય જડ્યો.

ધીમેથી એણે ટોપલો ઊતાર્યો.

ને તડબૂચ ગબડાવવા માંડ્યો.

એક પછી બીજું, બીજા પછી ત્રીજું.

બધાં તડબૂચ ગબડાવી દીધાં.



પછી ખુશ થતો એ ચાલ્યો.
અડધા કલાકે નીચે પહોંચ્યો.
પણ જઈને જુએ તો ?
ભાઈ સાહેબ ઠંડા થઈ ગયા.
એકે તડબૂચ ત્યાં દેખાયું નહિ.
હજી એને સમજાયું નથી:
બધાં તડબૂચ ક્યાં ગયાં ?
હજી એને સમજાયું નથી:
એ અક્કલનો આખો કેમ કહેવાયો?

# સુધાની ઉજાણી

ત્રણ મિત્રો હતા.

સુધા, કુસમ ને સુભાષ.

સુધા કહે, ઉજાણી ઉજાણી રમીએ.

કુસુમ કહે, હા ચાલો રમીએ.

સુભાષ કહે, હા ચાલો રમીએ.

સુધા કહે, વાસણો કોણ લાવે ?

કુસુમ કહે, હું નહિ લાવું.

સુભાષ કહે, હું નહિ લાવું.

સુધા કહે, ચાલ હું લઈ આવું.

સુધા વાસણો લઈ આવી.

પછી કહે, ચેવડો કોણ લાવે ?

કુસુમ કહે, હું લેવા નહિ જાઉં.
સુભાષ કહે, હું પણ નહિ જાઉં.
સુધા કહે, ચાલ હું લઈ આવું.

સુધા ચેવડો લઈ આવી.
પછી કહે, પાણી લેવા કોણ જાય?

કુસુમ કહે, હું નથી જવાની.
સુભાષ કહે, હું પણ નથી જવાનો.
સુધા કહે, ચાલ હું લઈ આવું.

સુધા પાણી લઈ આવી.
પછી કહે, રાંધશે કોણ ?

કુસુમ કહે, હું નહિ રાંધું.
સુભાષ કહે, હું પણ નહિ રાંધું.

એટલે સુધા કહે, ચાલ હું જ રાંધું.

સુધાએ રાંધીને બધું તૈયાર કર્યું.
પછી કહે, હવે ખાવા કોણ આવે?

કુસુમ કહે, હું આવું છું.
સુભાષ કહે, હું આવું છું.
એટલે સુધાએ કહ્યું:
હું વાસણો લઈ આવી.
હું ચેવડો લઈ આવી.
હું પાણી ભરી લાવી.
અને મેં જ રાંધ્યું.
હવે હું જ ખાઈશ.

સુધા ચેવડો ખાઈ ગઈ.

---

# શીંકે રોટલા

રામુ ને કમુ બે ભાઈબેન.

બેઉ સાથે રમે ને મજા કરે.

એક દિવસ બેઉ રમતાં હતાં.

ને એમનાં બાબાપુ ખેતરે ગયાં.

ભૂખ લાગે તો ખાજો.

એમ એમને કહેતાં ગયાં.

રમતાં રમતાં બપોર થયા.

રામુ–કમુને ભૂખ લાગી.
બેઉ રસોડામાં ગયાં.

પણ રોટલા શીકા ઉપર હતા.
શીકું ઊંચે લટકતું હતું.
આ બન્ને નીચાં હતાં.

કમુ આખા ઘરમાં ફરી વળી.
ખુરસી કે ટેબલ હતાં નહિ.

એક ટોપલો જડ્યો.
એના ઉપર કાંઈ ચડાય ?
ચડે તો એ ભાંગી જાય.
બીજું એવું કાંઈ મળ્યું નહિ.


રામુ વાડામાં ફરી વળ્યો.

એને પણ કાંઈ જડયું નહિ.

હવે શું કરવું ?
રોટલા કેવી રીતે પાડવા?

બન્ને વિચારમાં પડયાં.

કમુને એક યુક્તિ સૂઝી.
એ કહે, હું ઘોડો થાઉં.
રામુ, તું મારા ઉપર ચડ.



કમુ ઘોડો થઈ.

રામુ ઘોડા ઉપર ચડયો.

પણ શીકું હજી ઊંચું હતું.

રામુ શીકે પહોંચ્યો નહિ.

હવે શું કરવું ?

રામુ કહે, હું ઊંટ થાઉં.

કમુ, તું મારા ઉપર ચડ.

રામુ ઘૂંટણે હાથ ટેકવી ઊભો.

કમુ એના ઉપર ચડી.

કમુના હાથ શીકે પહોંચ્યા.

એણે રોટલા ઊતાર્યા.

બન્ની ભાઈબેને ધરાઈને ખાધું.

# આવકાર

**આ** શાસ્ત્રીય કે અર્ધશાસ્ત્રીય બાલસાહિત્યનાં પ્રકાશનો વચ્ચે **ભાઈશ્રી વસન્ત નાયકનું** આ બાલસાહિત્ય પ્રગટ કરવાનું આજની ઘડીએ ઉચિત ગણાય. બાલસાહિત્ય વૈજ્ઞાનિક છે કે નહિ એની કોઈ ભારેખમ કસોટીને એક બાજુએ રાખીએ તોપણ બાલસાહિત્ય માટેનાં બેત્રણ તત્ત્વો ઉપર જે સાહિત્ય રચાયું ન હોય તેને આપણે બાલસાહિત્ય કહી શકીએ નહિ. આજે તો સાદી સમજની અને વિજ્ઞાનની એમ બંને પ્રકારની કસોટી-માંથી પાર ઉતરે તેવું બાલસાહિત્ય નહિ જેવું જ જોવા મળે છે.

વાસ્તવદર્શન કે જીવનપરિચય મનુષ્ય માત્રની ખાસિયત છે. બાળક તેમાંથી વંચિત નથી. ઘણાએ એમ માન્યું કે અવાસ્તવ દુનિયાનું દર્શન બાળકને વધારે પ્રમાણમાં આકર્ષી શકે, અને એટલે પરીકથાઓ કે તરંગી કથાઓ ઉત્તમ પ્રકારનું બાલસાહિત્ય સમજાવા લાગ્યું. તરંગ અને એમાંથી પ્રગટ થતા કલ્પનાના માનસિક તત્ત્વને બાલસાહિત્યમાં સ્થાન નથી એમ હું કહેવા નથી માગતો. પરંતુ બાલસાહિત્યલેખક એની મર્યાદા ચૂકી જાય તો એવાં બાલસાહિત્યને આપણે વિવેકી અને સમતોલ ગણી શકીએ નહિ.

**ભાઈશ્રી વસન્ત નાયકે** વાસ્તવદર્શનને પોતાના લેખન-નો મુખ્ય પાયો ગણ્યો છે એ એની એક વિશિષ્ટતા છે. ભાષાની ક્રમિકતા જાળવવાનું કામ તો એમને માટે સહેલું ને સાહજિક ગણાય. કારણ કે પોતે ધંધાએ ને ધર્મે શિક્ષક છે. પોતે અથવા તો પોતાના સમવયસ્કો જે વર્ણનોમાં, જે કથાઓમાં કે જે પ્રસં-

ગોમાં આવે તેવાં સાહિત્ય સાથે બાળક વધારે પ્રમાણમાં આત્મીયતા સાધે છે તે સત્યનું પ્રથમ દર્શન જગતને સાચા શિક્ષક **શ્રી નીલે** કરાવ્યું. આપણા ગુજરાતનાં બાલસાહિત્યમાં એ પ્રથા પ્રવેશી પ્રવેશીને લુપ્ત થઈ ગઈ છે. થોડે અંશે પણ એને સજીવ કરવાનો યશ **ભાઈ વસન્ત નાયક** લઈ જાય છે એ આનંદ અને સંતોષની વાત છે.

ગુજરાતની બાલદુનિયા આ સાહિત્યને વધાવશે ત્યારે જ એની સાચી કસોટી થયેલી આપણે ગણશું. દરમિયાન બાળકો વતી આ સાહિત્યને આવકારવાની આજે તો મેં હિંમ્મત કરી છે.

ઘરશાળા
ભાવનગર } **હરભાઈ**

# બે બોલ

ઘરશાળા બાલપુસ્તકમાળાના બારમાંના પ્રથમ ચાર મણકા વાર્તાઓના પ્રગટ થાય છે. આપણાં નાનાં બાળકો પોતે સરળતાથી ને રસથી વાંચે એવી વાર્તાઓ આપણે ત્યાં જવલ્લે જ જોવાની મળે છે. મારી **વિભા** જ્યારે વાચન ઉપર ઊપડી અને વાર્તાઓની ચોપડી માગવા લાગી ત્યારે આ ખોટનો મને પૂરો ખ્યાલ આવ્યો.

પરિણામે એની માનસિક, બૌદ્ધિક અને વાચનની કક્ષા ધ્યાનમાં રાખીને વાર્તાઓ લખી આપવાનો અખતરો હાથ ધરાયો. અને આ રીતે નાનાં બાળકો માટેની પહેલા તથા બીજા ભાગમાંની વાર્તાઓ સર્જાઈ. અલબત્ત એ કાર્ય સરળ નહોતું

બન્યું. ભાષા, વસ્તુ, શૈલિ ને વાક્યરચના એ ઉંમરનાં બાળકોની કક્ષાનાં રાખી, માત્ર વાસ્તવદર્શી વાર્તાઓ લખતાં અનેક પ્રકારની મર્યાદાઓ આડે આવી. અને સરવાળે મોટી વાર્તાઓ કરતાં ઘણું વધારે મથામણ અનુભવવું પડયું ને વખત પણ ઠીક ઠીક વધારે આપવો પડયો.

પણ આખરે આ વાર્તાઓ જે રીતે લખી શકાઈ તેથી **ચિભા** સાથે મિત્રોનાં બાળકોને અને તેથી મને ઘણો સંતોષ થયો. અને આજે જ્યારે ગુજરાતની જાણીતી શિક્ષણસંસ્થા **ઘરશાળા** પોતાના પ્રકાશન તરીકે એને પ્રગટ કરે છે ત્યારે વિશેષ આનન્દ અનુભવાય એ સ્વાભાવિક છે.

નાનાં બાળકો માટે પહેલો ભાગ એક લીટીમાં એક એક વાક્ય રાખીને અને બીજો ભાગ નાના નાના પેરામાં છાપવો ઉચિત ગણ્યું છે. મોટા ટાઈપના વાચનમાં બાળકને આંખ ખેંચવી પડતી નથી ને માનસિક બોજો પણ અનુભવવો પડતો નથી એવો મારો અનુભવ છે. બીજા બે ભાગ ક્રમે એથી મોટાં બાળકો માટે છે એ કહેવાની જરુર નથી.

આ ચારે પુસ્તકોને ઝીણવટથી તપાસી જઈને **સુરજબી હરભાઈએ** ધાર્યા સમયે આવકાર લખી આપ્યો છે તેથી હું ઘણો આભારી બન્યો છું. અને મારી કલમ માટે એમણે જે કહ્યું, તેથી મને એ પંથે આગળ વધવા ઠીક ઠીક બળ પણ મળ્યું છે.

ગુજરાતી ભાષામાં આગળ વધવા મથતાં બાળકો એને ઉમંગભેર આવકારશે એની મને ખાત્રી છે. તા ૩૦–૯–'૪૮

૮ આનન્દનગર
અમદાવાદ ૭

**વસન્ત નાયક**

## શ્રી વસન્ત નાયકનું

● નીચેનું બાલસાહિત્ય વાચન પર ચડેલાં નાનાં બાળકો માટે ખાસ રચાયેલું છે. તમારાં નાનાં બાળકોના હાથમાં એ મૂકો અને સુંદર પરિણામ અનુભવો.

● એમાંના સરળ ને રસિક પાઠો અને ભાતભાતનાં જોડકણાં- એ બધાં બાળકો હોંસે હોંસે વાંચે છે ને ગાય છે એ અનુભવસિદ્ધ હકીકત છે.

**ફૂલદાની :** પહેલો ભાગ : નાના નાના પાઠો : ૦-૬-૦
**ફૂલદાની :** બીજો ભાગ : જરા મોટા પાઠો : ૦-૬-૦
**ફૂલદાની :** ત્રીજો ભાગ : મોટા મોટા પાઠો : ૦-૯-૦

**ચાંદાપોળી :** પહેલો ભાગ : નાનાં નાનાં જોડકણાં : ૦-૬-૦
**ચાંદાપોળી :** બીજો ભાગ : જરા મોટાં જોડકણાં : ૦-૬-૦
**ચાંદાપોળી :** ત્રીજો ભાગ : મોટાં મોટાં જોડકણાં : ૦-૯-૦

● બાલશિક્ષણ અને બાલસાહિત્યલેખનના બહોળા અનુભવ પછી ઘણો સુધારોવધારો કરેલી, અનેક નવાં ચિત્રોથી વધુ આકર્ષક બનાવેલી તદ્દન નવી જ આવૃત્તિઓ.

● છયે પુસ્તકોનો સેટ દરેક જાગૃત માબાપ, બાલમન્દિર, શાળા અને બાલશિક્ષક આજે જ વસાવી લે. આ માટે ખરચાયેલા પૈસાનો પૂરો બદલો મળી રહેશે.

## બધે જ વેચાય છે